# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**
**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૨૦   અંક : ૨૬૨

પ્રમુખ
**સુશીલ ધીરજલાલ કાપડિયા**
મો. ૯૩૯૩૩ ૧૯૩૩૩

માનદ્ મંત્રી
**પ્રેમચંદ કેશવજી છેડા**
મો. ૯૩૪૬૦ ૫૪૬૬૦

સંપાદિકા
**દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક
**રમેશ મણીલાલ શાહ**
ફોન. ૨૪૭૫ ૧૮૭૫,
મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

કાર્યાલય
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઈડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪૨૩૮૩
email : hydkmm@gmail.com

મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-


"નિયાંપો" માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

સુશીલ ધીરજલાલ કાપડિયા

જય જિનેન્દ્ર,

જણાવતા મને આનંદ થાય છે કે મંડળના પ્રમુખ તરીકેની મારી ૨ વર્ષની ટર્મ બહુ સફળ રહેલ અને સીમાચીન્હ જેવા ઘણા સારા કાર્યો થયા છે.

મારા સર્વ કારોબારી સમિતિના સભ્યો, ટ્રસ્ટીગણ અને સ્ટાફના સર્વે વ્યક્તિઓનો મને સંપુર્ણ સહકાર મળેલ. દરેક સભ્યે પોતાનું કાર્ય સંપૂર્ણ સંપ તથા જવાબદારી સાથે પાર પાડેલ છે. તેઓને ધન્યવાદ.

છેલ્લા બે વર્ષમાં મને ઘણું જાણવાનું અને શિખવાનું મળેલ છે અને આ અનુભવે મને પરિપક્વ અને પ્રબુધ્ધ બનાવેલ છે.

ખાસ સંતોષની વાત એ છે કે આ બે વર્ષમાં હું ઘણા લોકોના નજદિક આવેલ અને તેમની સાથે મારા સંબંધો ઘનિષ્ઠ બનેલ છે.

મારા બે વર્ષના પ્રમુખ તરીકેના આ કાર્યકાળમાં સૌના સ્નેહ માન અને સહકાર માટે ઘણોજ આભારી છું.

Jai Jinendra,

I am very happy that the last two years of my term has been very successful and lots of things have been done and landmarks achieved.

All my committee members, trustees and all the members and staff have given me tremendous support.

We have worked with complete unity and each one has executed their work with complete responsibility and with perfection. I have learnt a lot in these two years and this experience has left me more matured and wiser.

The most satisfying part is that I have grown closer to lots of people and my relationship with them have become stronger.

I thank you all for the respect, love and support you have given me in this term of mine as the president.

Thank you

હવે આપ વેબ સાઈટ ઉપર "નિયાંપો" વાંચી શકો છો
**www.shrikutchimitramandal.org**



## માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

પ્રેમચંદ કેશવજી છેડા

- આ માસનું નિયાંપો અંક આપની સમક્ષ આવશે ત્યારે લગભગ વાર્ષિક સામાન્ય સભા અને ચુંટણી માટેની કાર્યવાહી શરૂ થઈ ગયેલ હશે.
- તા.૨૮-૫-૨૦૧૭ના ભવનમાં ટ્રસ્ટ મંડળ અને કારોબારી સભ્યોની એક સંયુક્ત સભા રાખવામાં આવી હતી.
- તા. ૨૮-૫-૨૦૧૭ના ભવનમાં શાંતિવન સમિતિ દ્વારા **''મેરે સુર તેરે ગીત''** કાર્યક્રમ અને વડિલોની રેમ્પવૉકનું આયોજન કરવામાં આવેલ, આ કાર્યક્રમ ખૂબજ સફળ રહ્યો કાર્યક્રમના સહાયક દાતાઓનો આભાર તથા સંચાલક શ્રી હંસકુમાર સાયલા તથા સાથી કાર્યકર્તાઓને અભિનંદન.
- આવાસગૃહમાં ઘણા રૂમોમાં લીકેજનો પ્રોબ્લેમ હોવાથી, વોટર પ્રુફિંગ તથા ક્રેક ફીલીંગ તથા અન્ય રીપેરીંગ કામ ચાલુ કરાવવામાં આવેલ છે.
- ભવનની બુકીંગમાં વધારો થઈ રહયો છે.

માનદ્ મંત્રી તરીકેના ૨ વર્ષની મારી ટર્મમાં ઘણાજ કાર્યો સંપન્ન થયેલ છે. આ કાર્યોને સુંદર રીતે ફળિભુત કરવા, મારા સાથી કારોબારી સમિતિના સભ્યોનો તથા ટ્રસ્ટીગણનો સંપુર્ણ સાથ સહકાર મળેલ. તે ઉપરાંત મંડળના સર્વે સ્ટાફ મેમ્બરોએ પણ પોતાનો સહકાર આપેલ છે. સૌનો ઘણો ઘણોજ આભાર.

મંડળની દરેક પ્રવૃત્તિઓનો સુંદર અને રંગીન તથા તાદ્દશ્ય અહેવાલ સાથેનો આપણો ''નિયાંપો'' સમયસર આપવા માટે સંપાદિકા શ્રીમતી દર્શના દેઢિયા તથા સહ સંપાદક શ્રી રમેશ મણીલાલ શાહનો ખાસ ઉલ્લેખ કરતા આનંદ થાય છે. મંડળ વતી ખૂબ-ખૂબ અભિનંદન.

## શિક્ષણ સમિતિ

સંચાલકઃ શ્રીમતી વાસંતી શાહ
૦૯૮૪૯૫ ૪૭૫૪૩

**Congratulations to all the students. Everyone must be busy preparing for the new Academic Year. Hard work is the only mantra for success.**

**As every year, Education Aid forms for needy students are available at Kutchi Bhavan office. Please fill up all details and submit as under :**

| | |
|---|---|
| 1. upto 10th std., | Last date 30th June 2017 |
| 2. 11th std., onwards | Last date 31st July 2017. |

**Please attach last paid electricity bill along with your application.**

આ સાથે જણાવવામાં આવે છે કે વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન જરૂરતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય માટે આવેદન પત્ર (Application Form) કચ્છી ભવનની ઓફીસથી આપવામાં આવશે.

સંપૂર્ણ વિગત ભરેલ આવેદન-પત્ર કચ્છી ભવનમાં આપવાની તારીખો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧) | ધોરણ નર્સરી થી ધોરણ ૧૦ | ૩૦ જૂન ૨૦૧૭ સુધી |
| ૨) | ધોરણ ૧૧ થી ઉપર | ૩૧ જુલાઈ ૨૦૧૭ સુધી |

ઉપરોક્ત તારીખ પછી આવેલ આવેદન પત્રો સ્વીકારવામાં આવશે નહીં. ફોર્મસ સાથે આપે ભરેલ ઘરનું છેલ્લું ઈલેકટ્રીક બીલ જોડવા વિનંતી.

# સંપાદકીય

સંપાદિકા : દર્શના દિનેશ દેઢિયા
સહ સંપાદક : રમેશ મણીલાલ શાહ

જય જિનેન્દ્ર,

''આવરે વરસાદ ઘેવરીયો વરસાદ, ઉની ઉની રોટલી ને કારેલાનું શાક''

હવામાન વિભાગની આગાહી મુજબ મેઘરાજાની સવારી ગાજવીજ સાથે આવી જ રહી છે, બસ દરરાજા ઉપર ટકોરો પડવાનો બાકી છે. આ અંક આપના હાથમાં આવશે ત્યાં સુધીમાં તેમની હૈદરાબાદમાં પધરામણી થઈ ચુકી હશે.

દર વર્ષે વરસાદની સિઝનમાં ન્યુસ પેપરોમાં, ન્યુસ ચેનલોમાં સમાચારો આવતા રહે છે ''નદીઓમાં પુર આવ્યા, ગામડાઓ ડુબી ગયા, ખેતરોમાં પાકોના નુકશાન થયા, શહેરોમાં રસ્તાઓમાં પાણી ભરાઈ ગયા ટ્રાફિક જામ થઈ ગયા, ગરીબ વસ્તીમાં ઝુંપડામાં પાણી ભરાઇ ગયા, પ્રાઈમ મિનીસ્ટર, ચીફ મિનીસ્ટર તેમજ અન્ય વીઆઈપીઓ એરિયલ સર્વે કરવા ગયા'' વગેરે વગેરે.

સિઝન બદલી અને ઉનાળો આવે અને પાણીની ખેંચની બુમાબુમ. શહેરોમાં પાણીના ટેંકરોની દોડાદોડ ચાલુ થઈ જાય છે. કેટલી જગ્યાએ પાણીની ખેંચ એટલી હોય છે કે સરકારે પાણીની ટ્રેનો મોકલાવી પડે છે.

વરસાદની સિઝનમાં જળબંબાકાર થઈ જાય છે અને ઉનાળામાં પાણીની ખેંચ !!!

## આવું કેમ બને છે ?

આપણા જેવી સાધારણ પ્રજા માટે આ એક કોયડો છે. પણ આ વિષયમાં અનુભવી લોકો કહે છે કે પાણીના મીસ મેનેજમેન્ટને કારણે મોટા ડેમો બનવા છતાં મોટા ભાગના વરસાદનું પાણી–નદી નાળાનું પાણી દરિયામાં ચાલ્યું જાય છે. ગુજરાતમાં, મહારાષ્ટ્રમાં ગામડે ગામડે નાના નાના ચેકડેમો બનાવતા, ગામડાઓ પાણી પ્રશ્ને સ્વાવલંબી બની ગયેલ છે. આવા નાના પ્રોજેક્ટો માટે સરકારનો સહયોગ મળતા પાણીનો પ્રશ્ન મહદ્ અંશે દુર થઈ શકે.

પાણી એ મનુષ્ય જીવનની અમુલ્ય જરૂરત છે. સૌએ પાણીનું જતનથી ઉપયોગ કરવો જરૂરી છે કે જેથી તે વેડફાય નહીં.

## પાણી જોઈતું હોય એટલુંજ વાપરો :

### ઘરમાં આપણે ૯ રીતે પાણી બચાવી શકીએ છીએ

૧) લીકેજ રોકીશું તો મહિને **૧૦૦૦** લિટર પાણી બચશે, ૨) બ્રશ કરતી વખતે નળ બંધ રાખવાથી બચશે **૭૦૦** લિટર, ૩) નળ બંધ રાખીને શેવિંગ કરો **૨૦૦** લીટર પાણી બચશે, ૪) શાવરના બદલે બાલ્ટી બચાવી શકે છે **૮૦s** ટકા પાણી, ૫) વાસણ માંજતી વખતે દરરોજ બચાવી શકાય છે **૨૦** લિટર પાણી, ૬) વોશિંગ મશિન યોગ્ય ઢબે વાપરવાથી પણ પાણી બચશે, ૭) ટોઈલેટમાં લીકેજ હશે તો પાંચ હજાર લિટર પાણી વેડફાશે, ૮) બાલ્ટીથી કાર ધોવાથી **૧૩૦૦** લિટર પાણી બચશે, ૯) આરઓ મશીનના વેસ્ટ પાણીનો ઉપયોગ કરો



પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09
(જા.ખ.)

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

## આવેલ દાનની વિગત

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. એક ઓટો | ડાયાલીસીસ (એક ના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | જીવદયા (કબુતરને ચણ) |
|---|---|---|---|---|---|---|
| સ્વ. પ્રભાબેન ચીમનલાલ ગાલા | ૧૦૦૦ | ૧૦૦૦ | ૨ | ૧૦૦૦ | - | - |
| શ્રીમતી અરૂણા પ્રફુલ્લ ધરોડ | ૨૦૦૦ | - | ૨ | ૧૦૦૦ | - | - |
| સ્વ. પ્રફુલ્લ કુવરજી ધરોડ | ૨૦૦૦ | - | ૪ | ૨૦૦૦ | - | - |

| છાસ વિતરણ યોજના : | દાનની વિગત | છાસ વિતરણ યોજના : | દાનની વિગત |
|---|---|---|---|
| ચંપાબેન નવિનચંદ્ર ભેદા | રૂા. ૪૦૦૦.૦૦ | કેતકી પરેશ ગોસર | રૂા. ૧૦૦૦.૦૦ |
| દિપેન કિશોર મોમાયા | રૂા. ૧૦૦૦.૦૦ | એક સદગ્રહસ્થ તરફથી | રૂા. ૧૦૦૦.૦૦ |
| ભરત ચંદ્રકાન્ત છેડા | રૂા. ૧૦૦૦.૦૦ | સુનંદા ભરત સાવલા | રૂા. ૮૦૦૦.૦૦ |
| ચેતન વિનોદ સાવલા | રૂા. ૧૦૦૦.૦૦ | | |

**છાસ વિતરણ યોજના :** તા. ૭-૭-૨૦૧૭ સુધી ચાલુ રહેશ અત્યારસુધી દાતાઓ તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે. સર્વે દાતાઓનો આભાર. આ યોજના ૭૦ દિવસ સુધી રહેશે.

**મૂઠીભર અનાજ યોજના :** મે મહિનામાં ૩૫૦ કિલો ચોખા અને ૭૦ કિલો દાળ પ્રાપ્ત થયા છે.

આ અનાજ આશ્રમમાં વિતરણ થયેલ છે.

વિશેષમાં ઓસ્માનગંજમા બાળકીઓ માટેની એક સરકારી કન્યાશાળા ચાલે છે. સરકાર તરફથી સ્કુલની રિપેરીંગ વગેરેનું ધ્યાન અપાતું નથી લગભગ ૧૪૦ બાળકીઓ આ સ્કુલમાં અભ્યાસ કરે છે. માનવમિત્ર સમિતિના અમૂક સભ્યો આ સ્કુલને બરાબર ચાલી શકે તે માટે કોશીષ કરે છે. પ્રથમ મકાનની બારી-બારણા વગેરેની મરામત માટે લગભગ ૧.૫૦ લાખ ખર્ચ થશે. માનવમિત્ર સમિતિ કચ્છી મિત્ર મંડળ વતી ત્યાંના આજુબાજુના રહેવાસીઓને આ બાબતનું ધ્યાન દોરતા તેઓ પણ આ સ્કુલ ચાલુ રહે તેવી ઇચ્છા ધરાવે છે બાળકીઓનો અભ્યાસ અટકે નહિ તે ભાવના સાથે ૭૦ થી ૭૫ હજાર સુધી માનવમિત્રના સભ્યો આ રકમ મેળવી આપવા કોશિષ કરે છે. બાકીની રકમ સ્કુલની આજુબાજુ રહેતા રહેવાસીઓ પણ મદદ કરશે જેથી આ પ્રોજેક્ટ સફળ રહે. બાળકીઓના શિક્ષણ માટે આપને પણ ધનરાસી લખાવવા વિનંતી.

Pick up & Drop

**CHERIAN NATIONAL**
**Motor Driving School** (ESTD. 1962)

CONTACT : 5-9-169/4, Nampally, Chapel Road,
Hyderabad **Cell : 98495 84518**

(જા.ખ.૬-૨૦૧૬)

# શાંતિવન સમિતિ

સંચાલકઃ હંસકુમાર રાયચંદ સાંયલા
ફોન. ૯૨૪૬૫ ૩૨૫૪૫

દિલના ઉમંગોને ઉમરની મર્યાદા હોતી નથી. અને એનો જીવંત દાખલો એટલે શાંતિવન સમિતિ દ્વારા આયોજીત રવિવાર તા. ૨૮-૫-૨૦૧૭નો ''તેરે સુર મેરે ગીત'' કાર્યક્રમ.

કાર્યક્રમની રજુઆત કેટલી પણ કોશિષ કરીએ પણ સામેની ખુર્સીઓ ખાલી હોય તો કાર્યક્રમની ગરીમા જળવાય નહીં. કાર્યક્રમનો સમય સાંજના ૬.૦૦ વાગ્યાનો હતો. પણ સભ્યોનો આગમન ૫.૩૦ વાગ્યાથીજ શરૂ થઈ ગયેલ, ૬.૦૦ વાગ્યા સુધી તો શ્રી કચ્છી ભવનનો સભાગૃહ ખચોખચ ભરાઈ ગયો હતો અને સંચાલકોએ સમયસર કાર્યક્રમ શરૂ કરી દીધો હતો. શાંતિવન સમિતિના સંચાલક શ્રી હંસકુમાર સાયલાએ આવેલ સર્વે સભ્યોનું અભિવાદન સાથે આવકાર આપીને કાર્યક્રમની શરૂઆત કરેલ. કાર્યક્રમના સંચાલન માટે શ્રી મહેન્દ્રભાઈ વોરાએ માઈક ઉપર પોતાની આગવી શૈલીથી કાર્યક્રમ વિશેની રૂપરેખા આપી. કર્ણ મધુર ગીતો રજુ કરનાર ગાયક શ્રી સ્ટેવીન, માઉથ ઓર્ગન વાદક શ્રી મહેન્દ્રભાઈ ગાલા તથા ટીમનો પરિચય તથા મંડળના પ્રમુખ શ્રી સુશીલભાઈ કાપડીઆની લગ્ન દિવસની વધાઈ આપી અને એમને બે શબ્દ કહેવા વિનંતી કરવામાં આવેલ. માઉથ ઓર્ગનથી જન ગન મન અધિનાયક રાષ્ટ્રીય ગીત પ્રસ્તુત કરી અન્ય ગીતો પણ વગાડવામાં આવ્યા. શ્રી સુશીલભાઈએ કાર્યક્રમોને બિરદાવી અને આગળના કાર્યક્રમો માટે શુભકામનાઓ પ્રદાન કરી. પોતાના ટૂંકા પણ મુદ્દેસર વ્યકતવ્યમાં તેમણે સર્વે કાર્યક્રમોની પ્રશંસા કરી કાર્યકરો માટે એક ઉત્સાહ નિર્માણ કરેલ. શ્રી કચ્છી મિત્ર મંડળના અન્ય પદાધિકારીઓ અને ટ્રસ્ટીઓની હાજરી ખાસ આકર્ષણ હતું.

સંગીતકાર શ્રી સ્ટેવીને જુના અને મધુર ગીતોની રમઝટ સાથે વાતાવરણ સંગીતમય બનાવી દીધેલ. સભાગૃહમાં હાજર સર્વે વડિલોએ મધુર ગીતોની મેજબાનીનો ભરપુર અસ્વાદ લીધો. કાર્યક્રમનું surprise એટલે શ્રી મહેન્દ્રભાઈ ગાલા અને તેઓના સાથી કલાકારોનું Mouth organ ઉપર વગાડેલ ગીતોની રજુઆત.

સંગીત કાર્યક્રમ પછી શાંતિવનના સભ્યો દ્વારા Ramp walk પ્રસ્તુત કરવાં આવેલ. જેમાં મહિલા અને પુરૂષ સભ્યોના ત્રણ ગ્રુપ (ઉમર મુજબ) મળીને ૭૩ સભ્યોએ ભાગ લીધેલ. ૫૦ થી ૮૩ વર્ષના સભ્યોએ પોતાની આગવી અદાથી સમારંભને ચાર ચાંદ લગાવી દીધા. મોટી ઉમરના સભ્યોની Ramp walk પ્રસ્તુત કરવાની શૈલી જોઈને પ્રેક્ષકોમાં એક અલગ પ્રકારનું સંચાર આવેલ અને ઘણાજ ઉલ્લાસથી વાતાવરણ ગુંજી ઉઠયો.

કાર્યક્રમ માટે નિર્ણાયકો બેન શ્રી જીનલબેન ઠક્કર તથા કિરણબેન કંદોઈ હાજર હતા, તેઓએ બહુજ ચોકસાઈ પૂર્વક નિર્ણય આપેલ.

**મહિલાઓ માટે ઈનામ**

| | |
|---|---|
| ૫૦ થી ૬૦ વર્ષ | શ્રીમતી વીણાબેન કે. ગોસર |
| ૬૦ થી ૭૦ વર્ષ | શ્રીમતી ચંદ્રિકાબેન ભરતભાઈ સાવલા |
| ૭૦ થી ઉપર | શ્રીમતી પ્રભાબેન મણીલાલ સંઘોઈ |
| બેસ્ટ સ્માઈલ | શ્રીમતી નિરૂપમાબેન ભરત મારૂ |
| બેસ્ટ ડ્રેસીંગ | શ્રીમતી લક્ષ્મીબેન મણીલાલ નાગડા |

**પુરૂષો માટેના ઈનામ**

| | |
|---|---|
| ૫૦ થી ૬૦ વર્ષ | શ્રી ભરત જેઠાલાલ ગાલા |
| ૬૦ થી ૭૦ વર્ષ | શ્રી ભરતભાઈ સાવલા |
| ૭૦ થી ઉપર | શ્રી રમેશભાઈ મણીલાલ શાહ |
| બેસ્ટ સ્માઈલ | શ્રી દિનેશભાઈ કલ્યાણજી ગોસર |
| બેસ્ટ ડ્રેસીંગ | શ્રી મુકેશભાઈ ગોસર |

બાકી સર્વે સ્પર્ધકોને રૂા. ૫૦ના કવર પ્રોત્સાહનાત્મક ઈનામ રૂપે આપવામાં આવેલ.

ત્યાર બાદ ડોમ્બીવલી મુંબઈથી પધારેલ શ્રી નિતીનભાઈ સાયલાએ શાંતિવન સમિતિના કાર્યને બીરદાવીને સર્વે કાર્યકર્તાઓને અભિનંદન આપ્યા હતા. શાંતિવનના નામનું અને તેના logo ને સાચા અર્થમાં સાર્થક બનાવવા પોતાની આગવી શૈલીમાં અભિનંદન આપ્યા.

કાર્યક્રમના અંતમાં સભ્યોના આભાર માની સર્વે સભ્યોએ પ્રિતીભોજનનો અસ્વાદ લીધો.

સંપૂર્ણ કાર્યક્રમને સફળ બનાવવામાં શાંતિવન સમિતિના સભ્યો શ્રી હિતેનભાઈ સંઘોઈ, શ્રીમતી નીતાબેન માલદે, શ્રી ધીરજભાઈ ધુલ્લા, શ્રી મહેન્દ્રભાઈ વોરા તથા શ્રીમતી દર્શનાબેન દેઢિયા તથા શ્રીમતી કાંતાબેન દંડ, શ્રી દીપકભાઈ માલદે, શ્રીમતી હિનાબેન સંઘોઈ, શ્રી સંજયભાઈ સાવલા, શ્રી હિરેનભાઈ પટેલ (રાજુભાઈ) તથા શ્રી અરવિંદભાઈ પાસડે સારી જહેમત ઉઠાવી હતી.

શ્રીમતી ભારતીબેન ચંદ્રકાંત નાગડાએ સ્ટેજની સુંદર સજાવટ કરી આપી કાર્યક્રમને ચાર ચાંદ લગાવ્યા હતા. ફોટોગ્રાફી માટે શ્રી રાહુલ ધીરજ ધુલ્લાનો આભાર. સમિતિ તરફથી ઈનામો માટે સીરપની બોટલો આપેલ તે બોટલને રાખવા માટે જયુટ બેગ શાંતિ સેલેક્સન તરફથી મળેલ... તેમનો આભાર.

**Donors name :** ૧) શ્રીમતી જયવંતીબેન નેમજીભાઈ ધરોડ

૨) શ્રીમતી મોંઘીબેન લક્ષ્મીચંદ નાગડા

૩) શ્રીમતી ભુપાલીબેન પૂનમચંદ નાગડા

દાતાઓના ઉદાર દિલ અનુદાનથીજ કોઈ પણ કાર્ય સરળતા પૂર્વક પાર પડે છે. સર્વે દાતાઓનો ખુબ ખુબ આભાર. અમોએ કાર્યક્રમને પણ જે.એમ.બી. પ્રેસન્ટસ્ ''મેરે સુર ઔર તેરે ગીત'' નામ આપેલ.

શાંતિવન સમિતિના વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૬ના અંતિમ કાર્યક્રમની પૂર્ણાહુતી બહુજ ઉલ્લાસભેર હતી.

---

## જીવન ચક્ર

| | | | |
|---|---|---|---|
| **પુત્ર જન્મ** | શ્રીમતી હીરલ શ્રીપાલ રતનશી દેઢીયા | નાગલપુર | હૈદરાબાદ |
| **શુભ લગ્ન** | રશ્મિ નીતીન લોડાયા | સાંધવ | હૈદરાબાદ |
| | આકાશ દેવેન્દર ધરમશી | તેરા | ડોમ્બીવલી, મુંબઈ |


**Advertising - Designing - Printing - Flex Banners, Computerised Horoscope, Kundli Match Making, in Hindi, Gujrati, Telugu & English LanguagE., Advertisements in Leading News papers, For Bulk SMS, Multi Colour Stickers for Marriage LOGO Designing, Broucher & Souvenir Priting**



**CHANDRAPRABHA GRAPHICS**

**Paras Ramesh Jagirdar 66680780, 40047999**

**TUITIONS FOR LKG TO X CLASS STUDENTS**

at Flat No. 3C, Kanaka Durga Apartment, Lane Beside Venkataramana Theatre, Near Jain Temple, Kachiguda, Hyderabad-500 027.

**TORAL RIDESH JAGIRDAR, Ph : 99592 55557, 040-4002 0444**

(જા.ખ.)

# શ્રી શાંતિવન સમિતિ "તેરે સુર મેરે ગીત" કાર્યક્રમની ઝલક








J.M.B.
PRESENTS





# Manav Kalyan Seva Samiti

Jain Mandir Lane, Behind Bank of India,
Kachiguda. Hyderabad-500 027. Ph : 040-27557711




માનવ કલ્યાણ સેવા સમિતિ સંચાલિત ચેરીટેબલ ક્લિનિકને એક વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થતાં એના ઉપલક્ષમાં રવિવાર તા. ૨૧-૫-૨૦૧૭ના થેલેસેમીયા તથા કેન્સરના દર્દીઓ માટે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રતિમા હોસ્પિટલ કાચીગુડાના સહયોગથી હેલ્થ ચેક અપ કેમ્પનું આયોજન વિનામુલ્યે કરવામાં આવ્યું સાથે કાર્ડીઓલોજીસ્ટ ડોક્ટર તથા જનરલ ફિઝિસિયન ડોક્ટર્સનું કન્સલટેશન ઉપલબ્ધ કરવામાં આવ્યું.

માનવ કલ્યાણ કાર્યકર્તાઓમાં સર્વશ્રી સુરેશચંદ્ર ગોસર, પંકજ વલ્લભજી સાવલા, હિતેન સંઘોઈ, હિરેન (રાજુભાઈ) પટેલ, વિનોદ મહેતા, રમેશ સંઘવી, હિરાલાલ શાહ તથા અન્ય કાર્યકર્તાઓએ આ કાર્યને સફળતાપૂર્વક પાર પાડેલ.

શ્રી કચ્છી મિત્ર મંડળના મંત્રી પ્રેમચંદ છેડા, સહમંત્રી દિનેશ ગોસર, ટ્રસ્ટી શ્રી હરિલાલ સાવલા, કચ્છી બેન્કના ડોયરેક્ટર ચીમનલાલ ગાલા, શ્રી શાંતીલાલ મારૂ, શ્રી અચલગચ્છ જૈન સંઘના મેનેજીંગ ટ્રસ્ટી પોપટભાઈ છેડા અને ખજાનચી ટ્રસ્ટી રમણલાલ નાગડાએ ઉપસ્થિત રહી માનવ કલ્યાણ સેવા સમિતિ દ્વારા ચાલતા સમજોપયોગી કાર્યોને વધાવેલ.

ચેરીટેબલ ક્લિનિકમાં જનરલ ફીઝીસિયન ડૉ. ચંદ્રકાન્ત રાનાડે, ડૉ. કે. દેવરાજ, હોમિયોપેથીના ડૉ. સી. રોશના, કાર્ડિયોલોડિસ્ટના ડૉ. પંકજ ઝરીવાલા, ગાયકોનોલોઝિસ્ટ ડૉ. અનિશા ગાલા બાળકોના નિષ્ણાંત ડૉ. એસ.વી. ભોલે આ બધા ડોક્ટરોની સેવા આપણા સમાજ તથા ઇતર સમાજના લોકો લઈ રહ્યા છે.

ક્લિનિકમાં નિશુલ્ક સેવા આપવા બદલ હંસકુમાર સાયલા તથા રમેશભાઈ મહેતાનો આભાર.

(જા.ખ.)

# અનુમોદના...



## શ્રી સુરેશચંદ્ર હીરજી ગોસર

### સાભરાઈ-કચ્છ, હૈદરાબાદ

**Shanti SELECTION**

આપના પરિવારે વિવિધ ક્ષેત્રોમાં દાનનો ધોધ વહાવી સમાજ-ઉત્થાનના કાર્યો કર્યા છે જે ખરેખર અનુમોદનીય છે.

શ્રી સુરેશભાઈ ગોસર માનવ કલ્યાણના કાર્યો કરવા સમર્પિત થઈ અન્નદાન-જીવદયા, અનુકંપાદાન, જેવી પ્રવૃત્તિઓમાં સક્રિય રહ્યા છે. શિક્ષણ તથા મેડીકલ ક્ષેત્રે પણ આપનું યોગદાન તન-મન-ધનથી રહ્યું છે. શ્રી કચ્છી મિત્ર મંડળના ૨૦૧૫-૨૦૧૭ વર્ષમાં ઉપપ્રમુખ પદે રહી આપના માર્ગદર્શનમાં વિવિધ પ્રવૃત્તિઓમાં વેગ આપવા પ્રેરણા આપી છે.

આપના યોગદાન અને માર્ગદર્શનની અમે અનુમોદના કરીએ છીએ.

આપ હંમેશા ધાર્મિક-સામાજિક ક્ષેત્રોમાં કાર્યરત રહી આગળ વધતા રહો એવી હાર્દિક શુભેચ્છા.

શુભેચ્છા સાથે...



દિનેશ કલ્યાણજી ગોસર



હિરેન (રાજુભાઈ) મુલજી પટેલ



રિદ્ધિશ રમેશ જાગીરદાર

(જા.ખ.)

**સ્મરણ ભીંજવે હૃદયને હૈયું ભીંજવે આંખ બસ હવે તો રહી માત્ર તમારી યાદ**

# પ્રથમ પૂણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલિ

DOB
19-5-1958



DOD
4-6-2016

# શ્રી અરવિંદ કેશવજી છેડા

ગોધરા-કચ્છ  હૈદરાબાદ

**વસમી વિદાયના ૩૬૫ દિવસ**

ન જાણ્યુ જાનકીનાથે તા. ૪-૬-૨૦૧૬ ના શું થઇ ગયું ?
કાળનો ક્રૂર પંજો ક્ષણવારમાં સ્વપ્નભંગૂર કરી ગયો,
સૌમ્ય-સૂરિભમય ''અરવિંદભાઇ''નું જીવન માટીમય થઇ ગયુ
ઝંઝાવાતી વાવાઝોડું સુરીલા સપનાની રાશિ બદલાવી ગયું !
વેદનાનો વજાઘાત એવો લાગ્યો છે કે પૂનમ બની ગઇ છે અમાસ
હૈયામાં હેતનો ડુમો ભરાયો છે અને આંખો અશ્રુભીની છે
કેમ કરીને વિસરશું આપને...આપની ખોટ અવિરત સાલશે,
આંખેથી અશ્રુ વહેતા રહેશે...વાત્સલ્યહૃદયી દિવ્યાત્માને ભાવભીની શ્રદ્ધાંજલિ...

## કુમુદબેન અરવિંદ છેડા (ધર્મપત્ની)

**પૂજા-મિહિર અરવિંદ છેડા, મોનાલી-ઉદય અરવિંદ છેડા (પુત્રવધુ-પુત્ર)**

**અયાન મિહિર છેડા (પૌત્ર), અમાયરા ઉદય છેડા (પૌત્રી)**

નિવાસ : ૨૦૫, અરિહંત આશીઆના, ૩-૪-૬/૭, ડૉ. ભુમન્ના લેન,
બરકતપુરા, કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦-૨૭૫૬૧૯૦૬
મિહિર છેડા ૯૮૪૯૦ ૧૫૬૬૦  ઉદય છેડા ૯૮૮૫૫ ૩૩૩૬૩

(જા.ખ.)

# વિવિધા

## સામાજિક સંસ્થાઓની ચૂંટણીઓ

**– દિનેશ કલ્યાણજી ગોસર**

દરેક સામાજિક સંસ્થાઓમાં સેવા આપવા કાર્યકરો આવે છે. જરૂરી સંખ્યાથી વધુ કાર્યકરો આવે ત્યારે ચૂંટણી પ્રક્રિયા થાય છે. દરેક સંસ્થાનો મોતાનો મુકરર સમયગાળો હોય છે. હૈદરાબાદની આપણી કચ્છી સંસ્થાઓની ચૂંટણીના પડધમ વાગી રહ્યા છે.

સમાજ માટે તન–મન–સમય આપી શકે એવી કોઈપણ વ્યક્તિઓ સંસ્થાના નિયમોનુસાર ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી શકે છે. સામાન્ય પરિસ્થિતિવાળી વ્યક્તિઓ ગૂંટણીમાં ઉભા રહેવા સંકોચ અનુભવે છે. અથવા હારના ડરથી પણ ઘણા સક્ષમ કાર્યકરો ચૂંટણીમાં ઉભા રહેતા નથી. જે સમાજને નુકસાનકારક છે. સારા કાર્યકરોને ભોગે ઘણીવાર એવા ઉમદેવારો ચૂંટાઈ આવે છે જે પોતાના ભાગે આવેલ કાર્યને ન્યાય આપવામાં નિષ્ફળ હોય છે. શ્રીમંત ઉમેદવારો સારી એવી સંખ્યામાં ચૂંટાઈ આવે છે જેથી ઘણીવાર સારા કાર્યકરોથી સંસ્થા વંચિત રહી જાય છે.

અગાઉ સંસ્થા સંચાલન માટે મોટા ભાગે મર્યાદિત લોકો રહેતા. વરસો વરસ એજ ચહેરા–મહોરા. સામાન્ય સભ્ય એમની હરોળમાં આગળ આવવા હિંમત કરી શકે નહિ. મનમાની પધ્ધતિઓથી સંસ્થાઓનું સંચાલન ચાલતું. સામે કોઈ પણ વ્યક્તિ વિરોધ કરી શકે નહિં. આ સ્થિતિમાં બદલાવ આવતો જાય છે. હવે કોઈપણ સભ્ય વિનાસંકોચે આગળ આવે છે. ચૂંટણીઓમાં અગાઉની જેમ વધારાના ઉમેદવારોને ઉમેદવારી પાછી ખેચવા યેન–કેન પ્રકારે મજબૂર કરવામાં આવતા તેવું હવે થઈ શકતું નથી. વધુમાં વધુ લોકો સંસ્થાઓમાં કાર્ય કરવા આગળ આવે છે. ચૂંટણીઓ સ્પર્ધાત્મક બનતી જાય છે જે ખટેખટ તંદુરસ્ત સમાજની નિશાની છે.

સંસ્થાઓમાં કેટલાક પદો પ્રસિધ્ધિ આપનાર હોય છે સમાજમાં મોભો અપાવનાર ગણાય છે. જેમાં કેટલાક લોકોને સમાવવામાં આવે છે. એમાં ખરેખર કાર્ય કરવા ઇચ્છતા કાર્યકરોને સામાન્ય જવાબદારીઓ સોંપી અન્યાય કરવામાં આવે છે. ફળસ્વરૂપે નિષ્ઠાવાન કાર્યકર્તાઓના લાભથી સમાજ વંચિત રહી જાય છે. કેટલાંક લોકો પદના લાલચે સમાજનું વાતાવરણ ડહોળે છે. પોતાના પદની લાલચ માટે એના પર વિશ્વાસ મૂકતા લોકોને ગેરમાર્ગે દોરી સમાજ–સંસ્થાની ખો કાઢે છે. આવા લોકોના કારણે નિષ્ઠાવાન કાર્યકર્તાઓની સેવાનો લાભ સંસ્થા ગુમાવે છે. મૂળભૂત હેતુ માર ખાઈ જાય છે. યોગ્ય કાર્યકર્તા જે વહીવટી કુશળતા ધરાવતા હોય, સંબંધિત વિષયમાં નિપૂણતા ધરાવતા હોય, આગાવી કોઠાસુઝ ધરાવતા અને નેતૃત્વના ગુણોથી સંપન્ન વ્યક્તિઓ ઘર ભેગા થઈ જાય છે. જે સમાજ અને લોકો માટે નૂકસાનકારક છે. સંસ્થાઓમાં આજે સ્પર્ધાત્મક સ્થિતિ નિર્માણ પામી રહી છે. આ સ્પર્ધા સંસ્થામાં મહત્વના સ્થાનો પ્રાપ્ત કરવાની છે. આ સ્પર્ધા કાર્યલક્ષી કે સેવાલક્ષી ન રહેતા સ્વલક્ષી બની ચૂકી છે. ઘણીવાર સંસ્થાઓમાં રાજાશાહી જેવી સ્થિતિ હોય છે. એકહથ્થુ સતાથી સારા કાર્યકર્તાઓમાં નારાજગી કે અસંતોષની લાગણી ફેલાતી જાય છે. મર્યાદિત કે એક વ્યક્તિના વર્ચસ્વ હેઠળની સંસ્થાઓમાં જીહજૂરિયાઓ સ્થાન ગ્રહણ કરી લે છે. સારા ઉમેદવારની ક્ષમતા, નિષ્ઠા અને કૌશલ્યની આવી સંસ્થાઓમાં કોઈજ ગણના નથી થતી. આવી અનિષ્ઠ પ્રણાલીને પીઠખળ પૂરૂં પાડતાં મોભીઓ સમાજનું અહિત કરી શકે છે.

# છેલ્લા ૪૨ વર્ષથી આપની આંખોની સેવામાં

## હૈદરાબાદ–સિકંદરાબાદના

## અગ્રગણ્ય હોલસેલ અને રીટેલ ચશ્માના વેપારી

# વોરા ઓપ્ટિક્સ

# હૈદરાબાદ ઓપ્ટીશીયન

૧) આંખોના નીષ્ણાત ડોકટર/ઓપ્ટોમેટરીસ્ટ દ્વારા જાપાની કમ્પ્યુટર દ્વારા આપની આંખોની તપાસ.

૨) લેટેસ્ટ ડીઝાઈનની સસ્તી, મીડીયમ, પ્રીમીયમ, બ્રાન્ડેડ ફ્રેમોની વિશાળ રેન્જ.

૩) ઉચ્ચતમ ક્વોલીટીના પ્રોગ્રેસીવ, બાયફોકલ, ફોટો ગ્રે એન્ટીગ્લેર અને પોલારોઈડ ચશ્માના લેન્સીસની અદ્વિતીય શ્રેણી.

૪) ડેલી પહેરવાના અને બ્રાન્ડેડ, તડકાના ચશ્મા (સન ગ્લાસિસ), ડે એન્ડ નાઈટ ડ્રાઈવીંગના સન ગ્લાસેસની વિશાળ રેન્જ.

૫) ગુજરાતી તમામ ભાઈઓ બહેનો માટે વિશેષ છુટ.

દુનિયાની સર્વશ્રેષ્ઠ બાન્ડસના ઓથીરાઈડસ ઓપ્ટીશીયનસ, રેઘન, વોગ, ઓકલી, ટોમી હીલફીગર પોલીસ અરમાની, મોન્ટ બ્લેન્ક, સીલૌટી બોસ એન્ડ લોમ્બ.

## VORA OPTICS

**Wholesale Optical House**

4-1-355, Shop Nos. 13C / 14C / 21C / 22C,
Malti Naik Plaza,
Hotel Jaya International Lane, Abids,
Hyderabad -500 001.
Ph : 040-66888822 (3 lines) 66888833 (3 lines)

**Vijay Vora - 98490 79797,**
**Rajveer Vora - 8019998877**

## HYDERABAD OPTICIANS

G-26, Kubera Towers
Near Narayanguda Fly Over,
Himayatnagar, Hyderabad - 500 029

**Vimal Vora - 98480 71069**

(જા.ખ.)

આપણને સંતોષ એ વાતનો છે કે આપણી સંસ્થાઓમાં આ દુષણ પ્રવેશ્યું નથી. કાર્યકર્તાઓ નવા નવા આવતા રહે છે. સંસ્થાની પ્રવૃત્તિઓ આગળ ધપાવી રહ્યા છે. મતદારો પણ સજાગ છે. કાર્યક્ષમ કાર્યકર્તાઓને જ આગળ લાવે છે જે આપણાં જાગૃત સમાજની નિશાની છે. આપણી સંસ્થાઓમાં ચૂંટણીઓ એખલાસભર્યા વાતાવરણમાં થાય છે.

કહેવાનું એટલું જ કે સક્ષમ વ્યક્તિઓ ચૂંટાઈ આવે સમાજને એમની સેવાઓનો લાભ મળે, સંસ્થાનું નામ ઉચું રહે, આપણાં વડીલોનું સ્વપન સાકાર કરે. સનિષ્ઠ અને કાર્યક્ષમ વ્યક્તિઓ સુવહીવટ દ્વારા હજી વધુ સમાજોપયોગી પ્રવૃત્તિઓ કરતા રહે. અણછાજતી પ્રતિભાઓ સંસ્થાની નજીક પણ ન પ્રવેશી શકે એ માટે આપણે જાગૃત રહીએ.

## સ્પોર્ટી (Sporty) પદાધિકારી

**– હંસકુમાર રાયચંદ સાયલા**

પડયા પણ
રડયા નહી
ઉઠીને હસ્યા
અને સૌને હસાવ્યા...
એવા અમારા સહમંત્રી
**દિનેશ ગોસર**
કેટ વોકમાં
નિર્ણાયકના નજરે ચડયા...
પારિતોષીકના હકદાર બની
એક રમુજ
કિસ્સાના હિસ્સેદાર બન્યા....

## આવ્યાં છે આજ વાદળ – ગજલ

**સંકલન : પંકજ વલ્લભજી સાવલા**

આવ્યાં છે આજ વાદળ દુનિયાને ન્યાલ કરવા,
આકાશની સભામાં મસ્તીધમાલ કરવા...
તડકાની ગેંગ કરતી દાદાગીરી ઉનાળે,
ધૂસી ગયાં છે વાદલ સામે બાબલ કરવા...
કાળાશ આભનીયે ધોવાઈ થાય ઉજળી,
ચમકે છે વીજળીઓ 'સત્ શ્રી અકાલ' કરવા...
આંખો મહીંનું કાજળ આષાઢ થઈ વહે છે,
વિરહીજનોના મનને ભીનાં રૂમાલ કરવા...
બાળકની આંગળીમા ફોરાં પડે છે ટપટપ,
દાદાની ટાલ ઉપર હળવેથી વહાલ કરવા...
ક્યાં, કેટલી ને કેવી, ક્યારે થઈ છે વૃષ્ટિ
પલળો તમે, જવા દો ખોટા સવાલ કરવા...


# GALA PICKLES



**સીઝન હોય કે ન હોય અમારે ત્યાં શુદ્ધ અને સાત્વિક રીતે તાજા ઘરે બનેલા કેરીના અથાણા અને ટમેટા ચટણી વગેરે અમારે ત્યાં બારે માસ મળશે.**

- **કેરીનો અથાણો લસણ વાળો અને વગર લસણનો**
- **છુંદો, ગોળ કેરી, ગુંધા કેરી, ટમેટા ચટણી, આથેલા મરચાં વગેરે મળશે**
- **થેપલા ઓર્ડરથી બનાવી આપવામાં આવશે**

Contact : **Sonal J. Gala - 9291336291**

(જા.ખ.)

**Rakesh Nagda**
Mob. : 93466 87608, 92909 52406
WHATSAPP : 8897815532

# BHAKTI ESTATES

REAL ESTATE CONSULTANT
Buying, Selling, Rental Accomodation
Commercial, Residential, Flats Offices,
Plots, Agriculture & Industrial Land

**Manish Nagda**
Mob. : 96180 13690, 90328 82816

Satkar Caterers
Taste U'll Love to Eat

**Specialist in**
• JAIN FOOD • INDIAN CHAT
• BAKERY ITEMS

Office cum Kitchen :
No.4-6-90/19/B/1/D,Near Imory Hospital Road, Tejaswi Nagar,
Attapur, Hyderabad - 500 048.

(જા.ખ.)

श्रीश्री AYURVEDA effective herbs

# श्री श्री नाड़ी परीक्षा



नाड़ी परीक्षा प्राचीन काल से चली आ रही आयुर्वेदिक नैदानिक तकनीक है । इसके द्वारा मानसिक और शारीरिक विकारों का परीक्षण किया जा सकता है । यह अपने आप में पूर्ण और स्वास्थ्य संबंधी मुद्दों के लक्षणों तक ही सीमित न रहते हुए उनकी जड़ तक पहुंचने वाली पद्धति है । नाड़ी परीक्षा आपको आनेवाले समय में हो सकने वाले स्वास्थ्य संबंधी जोखिमों के बारे में बताती है । यह आपको जानकारी देती है कि आप किस प्रकार से अपने स्वास्थ्य को उत्तम स्थिति में रख सकते हैं और किस तत्व द्वारा आपके शरीर में प्रमुख कार्य किया जा रहा है । हमारे चिक्तिसक आपको व्यक्तिगत और विस्तारित जानकारी देतें हैं ।

हम मुख्य रुप से निम्न असाध्य रोगों को नियंत्रण में लाने संबंधी विशेषता रखते हैं

**• रक्तचाप • मधुमेह • ह्रदय विकार • अस्थमा • आर्थराईटिस**
**• ऑस्टियोपोरॉसिस • किडनी और लिवर संबंधी विकार • इन्सोम्निया**
**• माईग्रेन • हारमोनल असंतुलन**

(જા.ખ.)

अधिक जानकारी के लिए संपर्क करें : **M/S. POONAM AYURVEDA**
Shop No. 3-5-355, Vittalwadi, Narayanaguda, Hyderabad-500029. Cell : 9949732081, 23226245, 9000131464.

# શુષ્ક થઈ ગયેલી મેરેજ લાઈફને નવેસરથી તાજી કરવાના આ કીમિયાઓને ગંભીરતાપૂર્વક અપનાવવા જેવા છે.

સંકલન – **પંકજ વલ્લભજી સાવલા**

જરાય જરૂરી નથી કે દરેક વખતે એક જ સમયની માનસિકતા સાથે જીવવામાં આવે અને એવી જ રીતે જીવવું જોઈએ. બને કે કોઈ એક સમયે સંબંધોમાં શુષ્કતા આવી જાય. એ પણ સહેજ પણ મહત્ત્વનું નથી કે આ શુષ્કતા ચાર મહિનામાં આવશે કે ચાલીસ મહિનાના સમયગાળા પછી, પણ એનો અર્થ એવો નથી કે એ સંબંધોની નવેસરથી માવજત કરવામાં ન આવે. શુષ્ક થઈ ગયેલી મેરેજલાઈફને નવેસરથી તાજી કરવાના પ્રયાસો થવા જોઈએ અને એ પ્રયાસ કરવાની જવાબદારી બન્ને પક્ષની છે. પતિ પક્ષે પણ અને વાઈફની બાબતમાં પણ આ જ લાગુ પડે. એવું સહેજ પણ ધારી લેવું ન જોઈએ કે આપણે સર્વાંગી સંપૂર્ણ છીએ અને આપણે કોઈ જાતનો સુધારો કરવાની જરૂરિયાત નથી. પણ જો એને બદલે એ પ્રકારના પ્રયાસો કરવામાં આવે કે જગતના તમામ શ્રેષ્ઠ ગુણો મેળવવાના બાકી છે એટલે એ માટે પ્રયાસ સત્તત ચાલુ રાખવા પડશે.

મોટાભાગના કિસ્સામાં વાઈફ્ પોતાની જાતને અપડેટ કરવાની બાબતમાં પાછળ રહી જતી હોય છે અને એ માટે તેનો કોઈ વાંક પણ નથી. ઘરની જવાબદારી, પતિની જિમ્મેદારી, બાળકો તો ઠીક નણંદ, સાસુ અને સસરા, દિયરની પણ જવાબદારી સંયુક્ત પરિવારમાં રહેતી વાઈફ્ પર આવી જતી હોય છે પણ એ જવાબદારીના નામે દરેક તબક્કે છૂટી જવું પણ યોગ્ય નથી. જો મોબાઈલનો સોફ્ટવેર આઉટડેટ થઈ જાય તો એને અપડેટ કરવો પડે છે તો લાઈફસ્ટાઈલનો આઉટડેટ થયેલો સોફ્ટવેર પણ અપડેટ કરી લેવો જોઈએ. અપડેટ થયેલો સોફ્ટવેર મોબાઈલને જેટલો સ્મૂથ કરી દે એટલી જ સ્મૂથનેસ જાતને અપડેડ કરવાથી લાઈફમાં ઉમેરાય જતી હોય છે. મોટાભાગના ડિવોર્સ કેસનો સ્ટડી કરશો તો દેખાશે અને સમજાશે પણ ખરા કે મોટાભાગની ફરિયાદ પતિના પક્ષે હોય છે. આ ફરિયાદ યોગ્ય છે કે નહીં, એ ફરિયાદમાં વાજબીપણું છે કે નહીં એની ચર્ચામાં ઉતરવાનો સમય નથી પણ એ ફરિયાદ ક્યાંથી જન્મે છે એ જોવાનો સમય ચોક્કસ રીતે આવી ગયો છે.

જાણે કે જિંદગીની મોટામાં મોટી જવાબદારી પૂરી થઈ, હવે કોઈ આવનારા ભવિષ્યને ચેન્જ કરી શકવાનું નથી એવી માનસિકતા કોઈ કોઈ મહિલાઓમાં આવી જતી હોય છે. મહિલા વાચકોને ન ગમે એવી વાત અહીંથી શરૂ થાય છે. મનમાં આવી ગયેલી આ પ્રકારની માનસીકતાને લીધે જ સંબંધોમાં શુષ્કતા આવવી શરૂ થાય છે અને એ શુષ્કતા પછી બીજા સ્તર પર, જીવનસાથી સુધી પહોંચવા માંડે છે. જો આવી માનસિકતા તમારામાં કે પછી તમારા લાઈફ્ પાર્ટનરમાં હોય તો એ કાઢવી જોઈએ. પતિ કે પત્ની, બેમાંથી કોઈએ સંબંધોમાં શુષ્કતા આવે એવું કરવું ન જોઈએ. સંબંધો જ્યારે તાજા હતા, નવા હતા અને એમાં ખુશ્બુ પથરાયેલી હતી ત્યારે એ સંબંધોને વધુ મહેક આપવાનો પ્રયાસ કરવામાં આવતો હતો અને એ પ્રયાસ સતત કરવામાં આવતો હતો. શું કામ ? એ સંબંધોને કોઈ નામ નહોતું મળ્યું, એ સંબંધો ક્યારેય પણ તૂટી જાય કે છૂટી જાય એવી શક્યતા દેખાતી હતી અને એ શક્યતાની એ દોર બે પક્ષમાંથી કોઈને મંજૂર નહોતી. જો એ સમયે સંબંધો તૂટે એ મંજૂર નહોતું તો આજે આ સંબંધો બરડ થઈ જાય અને

*You are beautifuL... we just compliment it !*

**Air Brush & HD Make-up**

# abha
be gorgeous

**Bridal Pre Bridal Services**

## SALOON & MAKE-UP STUDIO

*by Bhavini Patel*

**Fresh Batch Starting from 1st March for**

| SELF GROOMING COURSE | PROFESSIONAL MAKE-UP COURSE | PROFESSIONAL HAIR STYLE COURSE |
|---|---|---|

3-4-58/2, Lingampally. Opp. Raghavendra Temple, Kachiguda,
Hyderabad - 500 027. Ph : 99081 83870 E-mail : bhavinipatel.abha@gmail.com
Monday to Saturday 11.00 am to 8.00 pm - Sunday Closed

(જા.ખ.)

**ALSO AVAILABLE BRIDAL JEWELLERY FOR RENT**

# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

## નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ.)

એની સ્થિતિસ્થાપકતા ગુમાવી દે એ વાતને તમે કેવી રીતે સ્વીકારી શકો? બહેતર છે કે સંબંધોમાં નવી તાજગી ઉમેરવાનું કામ કરો અને એ કામ દિલથી કરો.

એક સર્વેમાં કહેવાયેલી એક કોમન ફરિયાદ પણ દરેકે જાણવા જેવી છે. એ સર્વેમાં ૮૨ ટકા પતિઓની ફરિયાદ હતી કે તેમની વાઈફ્ જેટલું ધ્યાન ઘરનું, બાળકોનું અને પરિવારના બીજા સભ્યોનું રાખે છે એટલી દરકાર તે પોતાનું નથી રાખતી. સાધારણ જેવી દેખાતી આ ફરિયાદનું પોસ્ટમોર્ટમ કરો તો સમજાશે કે પતિઓ ઇનડિરેક્ટ બચાવ કરે છે અને કહેવા માંગે છે કે તેની વાઈફ્ હવે પોતાના દેખાવ પર ધ્યાન નથી રાખતી. વાતને વગરકારણે આંટી ચડાવવાને બદલે પ્રેમથી સાંભળવામાં અને સ્વીકારવામાં આવે તો એ ખોટી પણ નથી. શરૂઆતમાં વાઈફની જે બ્યુટી હતી એ બ્યુટી જ તો તેના પતિને ગમી હતી પણ હવે પતિની જિંદગીમાં આવી ગઈ તો એનો અર્થ એવો તો નથી જ સરતો કે બ્યુટી ન હોય તો ચાલે. જે કોઈ એવું માનતું કે ધારતું હોય કે બ્યુટી વિના કંઈ ફરક નથી પડતો તો એ ખાંડ ખાય છે બહેન, એ ક્યારેય ભૂલવું નહીં કે આંખોને જે ગમે એ દિલની નજીક બહુ ઝડપથી આવી જતું હોય છે.


મુંબઈનું પ્રખ્યાત નમકીન, ચીક્કી, ખાખરા હવે હૈદરાબાદમાં

સમ્રાટ સ્વાદ

ખાખરા (KHAKHRA)
ચીક્કી (CHIKKI)
ચીવડા (CHIWDA)
સેવ/ગાઠીયા (SEV/GATHIYA)
બટર ચકરી (BUTTER CHAKRI)

ફ્રી હોમ ડીલીવરી બડીચૌડી થી 2 km સુધી

સોયા વેફર (સ્ટ્રીપસ) (SOYA WAFER)
કેળા વેફર (BANANA WAFER)
બટેટા વેફર (POTATO WAFER)
સોયા કપસ અને સ્ટીક્સ (SOYA CUPS & STICKS)
ચીસ બોલ્સ (CHEESE BALLS)

તથા અન્ય ઘણી સ્વાદીષ્ટ વેરાયટી

LUNCH TIFFIN AVAILABLE - બપોરના જમવાની ટિફીન મળશે.

WE TAKE ORDERS FOR : અમે કીટ્ટી, બર્થડે પાર્ટી, ગેટ-ટૂ-ગેધર માટે ઓર્ડરથી બનાવી આપીશું.

પાવ ભાજી–PAV BHAJI, બિર્યાની–BIRYANI, પુરણપોળી–PURAN POLI, સેંડવીચ ઢોકળા–SANDWICH DHOKLA, ઢોકળા–DHOKLA, ખાંડવી–KHANDVI, ઉંધીયાનું શાક તથા અન્ય શાકની વેરાયટી–TASTY CURRY'S

For Free Home Delivery or Shop at your home what's app or call : 09503565400 (Nitin K. Dand)

SAMRAT SWAAD

104, 1st Floor, Shyam Enclave, Opp. Canara Bank Badi Chowdi, Hyderabad. (T.S.)

(જા.ખ.)

DEEPAK MAVJI DHAROD Cell : 98490 53458

BHAVANA TOURS & TRAVELS

RENT A CAR, INDIGO, SWIFT TAVERA, INOVA, TEMPO TRAVELLER & SEMI LUXURY BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Address : Near Kachiguda Petrol Pump, Beside Shanti Niketan High School, Kachiguda, Hyd-27

(જા.ખ.)

**Busy®** BUSINESS ACCOUNTING SOFTWARE

Simplifying Businesses. Simplifying Life.

# My Business is GST Ready Is Yours?



Switch to

**BUSY 17**

**GST Ready Business Accounting Software**

Accounting • Inventory • Invoicing • GST / VAT / CST • Excise • Service Tax • TDS / TCS • Indent / Quotation / Order / Challan • Production • Job Work • MIS • Payroll • Enquiry / Support Management Scheme (FMCG / Retail) • Multi-Branch / Location Management • Remote Access • Checks & Control

Over 600,000 Users in over 20 Countries | Over 300 Business Partners Worldwide

Call for a **FREE DEMO**, Today!

Yesh Systems (Deepak Gala) • 93945-56837 • 040-24756837 • yeshsystems@gmail.com

(જા.ખ.)

# જીવનચક્ર – ચક્રોપર જીવન

**– ''અજ્ઞાની'' મહેન્દ્ર વોરા**

હજારો વર્ષો પહેલાં ચક્ર (પૈડા)ની શોધ થઈ હશે ને એમા ઉતરોત્તર ક્રાન્તિ આવતી ગઈ. જૂના શિલ્પોમાં જોઈએ તો આદી માનવના સમયમાં પત્થરોના ચક્રો જોવા મળે છે જે બનાવવામાં ખૂબજ મહેનત પડતી હશે. તે ખેંચવામાં ભારે હતાં. ધીમે ધીમે કાષ્ટ (લાકડા)ના ચક્ર તૈયાર કરવામાં આવ્યા જે વજનમાં હલકાને ગતિશીલ હતાં એ પૈડાને બળદગાડા, ઘોડા ગાડી, ઉંટ ગાડી સાથે જોડીને ઉપયોગ થવા માંડયો જે હજુ પણ જૂજ પ્રમાણમાં જોવા મળે છે. ખરી ઉત્ક્રાંતિતો રબ્બરના આવતા થઈ, ને જોત જોતામાં વિવિધ આકાર અને સાઈઝમાં ટ્યુબ ટાયર રૂપે અસ્તિત્વમાં આવ્યાં. લોખંડના પૈડા ઉપર ટ્યુબ ને તેના પર ટાયર ચડાવી તેમાં હવા ભરીને સાઈકલ, સ્કૂટર, કાર, બસ, લોરી, ટ્રેક્ટરને પ્લેન સુધ્ધામાં તેનો ઉપયોગ થઈ રહ્યો છે.

વિચારકરો અગર પૈડો ન શોધાયો હોત તો આ દુનિયા કેમ ચાલત? જ્યાંની પેદાશ તથા એ સ્થળ ના માણસો એજ જગ્યાએ રહેત, ચીજવસ્તુને માનવની હેરફેર જ શક્ય ન હોત, જીવનમાં વિવિધતા ન આવત માણસ એક બીજાની નીકટ ન આવત. ખરેખર પૈડાની શોધથી વિશ્વ કેટલો નાનો થઈ ગયો છે. સેંકડો કિ.મી.નો અંતર ટ્રેન ને બસો ને અન્ય વાહનો દ્વારા કલાકોમાં પ્હોંચી જવાય છે. દિવસે દિવસે વાહનોમાં પણ વિવિધતા આવતી થઈ. રસ્તાઓ ને હાઈવે પહોળા લીસા ને આકર્ષક બનતા ગયા જેથી વાહનોની ગતિવધતી ગઈ. સગવડો વધતા ધાર્મિક સ્થળો, ગિરીમથકોને ફરવાના સ્થળોએ વાહનોના ખડકલા થવા મંડયા. જે રસ્તાઓ પર ફક્ત બસો ને લોરીઓ દોડતી હતી તેનાથી અનેક ઘણી વધારે કારો ને પ્રાઈવેટ ટેક્સીઓ દોડવા લાગી, ઝડપ વધતાં ઓછા સમયમાં વધુ સ્થળો ફરવાની ગેલછા વધતી ગઈ ને એના કારણેજ આશિર્વાદ રૂપ લાગતા આ પૈડા અભિશાપ બનતા ગયા. અતિગતિ જાણે કાળ બની અવગતિ થવા માંડી.

હવે તો રોજના ગમખ્વાર અકસ્માતોના સમાચાર સામાન્ય થઈ પડયા છે. ક્યાંક બસો ખાઈમાં પડે છે ક્યાંક પુલો તોડી નદીઓમાં ખાબકે છે, મોટી લોરીઓ નાના વાહનોને અડફેટમાં લે છે. ને મોતના તાંડવો થાય છે. મોટાશહેરોમાં અકસ્માત થાયતો તેમને જલ્દીથી હોસ્પીટલોમાં સારવાર મળી રહે છે નસીબ સારા હોય તો જીવ બચી જાય અથવા થોડી ઘણી ઈજાઓ થાય, પણ આવા અકસ્માતો હાઈવે ઉપર થાય ત્યારે ખૂબજ મુસીબતો ઉભી થાય છે. વળી રાતના સમયમાં થતા અકસ્માતોથી હાલત વધુ કફોડી થાય છે, જલ્દી કોઈનો સંપર્ક થતો નથી. એમ્બ્યુલન્સ ને પોલીસ આવતા ઘણો સમય વેડફાઈ જાય છે તેના કારણે ઈજા પામેલ મુસાફરોની હાલત વધુ ગંભીર થઈ જાય છે વળી માલ સામાનના તો કોઈ સગડ મળતાં નથી અંધારામાં ભેગા થયેલા લોકો આનો જરૂર ગેરલાભ ઉઠાવે છે, ઘણીવાર પોલીસની દખલથી ને કાયદાકીય કાર્યવાહીમાં સમય જતાં જીવનો જોખમ વધી જાય છે.

આ રોજેરોજના અકસ્માતોના સમાચાર વાંચી મન ખીન્ન થઈ જાય છે. પળવાર પહેલાં આનંદ કિલ્લોલ કરતાં પરિવારજનો વેરવિખેર થઈ જાય છે. લકઝરી બસો ને લારીના ડ્રાઈવરો બેફામ ડ્રાઈવીંગ કરે છે ને વાહન પરનો કાબૂ ગુમાવી બેસે છે. તેમાં મુસાફરોને ત્યા અન્ય વાહનોને નુકસાન વેઠવું પડે છે.

માટેજ રોડની મુસાફરી બની શકેતો ટાળવી તેમાં રાતની તો કદાપી નહીં. વળી ડ્રાઈવીંગ કરીને ક્યાં દૂર જવું હોય તો બે જણ ડ્રાઈવીંગના જાણકાર હોવા જોઈએ જેથી એક બીજાને રાહત રહે. અગર રેલ્વેની સગવડ મળતી હોયતો એનાથી ઉચિત તો કંઈજ નથી, વળી કહે છે ને એમાં તો ૮૦૦–૧૦૦૦ મુસાફરોના કિસ્મત સાથે હોય કોના નસીબે કોણ બચે એતો કુદરતનોજ કરિશ્મા છે.

# શુદ્ધ ઘીની ઘરમાં બનાવેલ મિઠાઈ

મગદરીયા લાડુ (પાંચ ધાન્યના)
ફીણીયા લાડુ
નાચણી (રાગી), ખજુર લાડુ (સુગર ફ્રી)
અલશી મખાના લાડુ (કેલશિયમ–વિટામીનથી ભરપુર)
ડ્રાયફ્રૂટ લાડુ (ઘઉંના)
ગોળ પાપડી
ગોળીયા લાડુ
અડદિયા પાક (શિયાળુ પાક)
કોકોનેટ બિસ્કીટ
સાંગલીના ભડંગ
શીંગદાણાની ચટણી
સિકંદરના ખારી સીંગ
સિકંદરના ચણા
ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદર

---

Contact

**PRAVIN K. CHHEDA**

102, Uma Residency, Near Jineshwardham,
Kachiguda, Hyderabad. (R) Ph : 2755 2939
PRAVIN CHHEDA - 89857 59320
PREMILA CHHEDA - 90146 66932

(જા.ખ.)

ઘરની બનાવેલ તલની ચિક્કી, શિંગદાણાની ચિક્કી, ફરસી પુરી,
ચકરી, સેવ ઈત્યાદી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.
**નીતા વીરા,** બડીચાવડી, હૈદરાબાદ. મો. ૮૧૦૬૫૭૬૮૦

# ITS A QUIZ TIME
..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah
M : 94409 96652



Answers to the last months Quiz :

1) India became independent before Pakistan. (FALSE)
2) Bhagwan Mahavir Swami and Buddha Bhagwan were contemporaries. (TRUE)
3) Sepoy Mutiny against British Rule was in the year 1855. (FALSE)
4) Mogul Dynasty in India started with Babar. (TRUE)
5) 3 Lions symbol adopted by Republic of India was originaly introduced by Chakravarty Ashok. (TRUE)
6) Sri Kutchi Mitra Mandal was established in Hyderabad in the year 1947. (FALSE)
7) The first President of Sri Kutchi Mitra Mandal was Sri Dhanjibhai Savla. (FALSE)
8) District capital of Kutch District is Gandhi Dham. (FALSE)
9) Minimum postage stamp for an envelope is Rs. 10. (FALSE)
10) "Vaishnav Jano To" Bhajan was written by Gandhiji. (FALSE)

The persons who have given asnwers are :-

Dhaval Sailesh Shah
Femi Gada
Heena Vijay Dedhia
Rahul D. Shah




QUIZ OF THE MONTH

A few lines are given below with 4 blanks to be filled in by you.

One word fits all 4 blank spaces. Its a seven letter word.

*WHAT'S THE ANSWER ?*

A rich man needs__________________.

A poor man has ______________________.

If you eat______________, you die and when you die, you can take________________ with you.

You can send your answers by SMS/ whatsup to the abovementioned number or sent it in writing to Mandal's office on or before end ofJune 2017.



"JAI MAHAVEER"

# "Naman Construction Solutions"

**We cater our services to all your water proofing needs such as :**

a) **Leakage of Toilets & Bathrooms**

b) **Water Dripping from the terrace and side walls**

c) **Dampening of walls**

d) **Gathering of thick moss around the walls of your living and bedrooms.**

e) **Developing of cracks and small holes around your side walls and also terrace surface.**

**So before the situation gets bad to worse, please call on us to do the needful.**

**Our team of experts & efficient workers with NANO TECHNOLOGY PRODUCTS are awaiting your call.**

**Besides we undertake colouring assignments of Flats, offices, godowns and buildings old & new. Hence do not hesitate to call on us.**

**Contact : VARDHAMAN SHAH, 9885 341835**

(જા.ખ.)

Cartalyst

## Grow Your Business Online

- Sell your products online. Opportunity for retailers, wholesalers, designers, home-made products mftrs., Women Entrepreneurs, etc to start selling on market places.
- Brand Solutions to build a strong brand, digitally.

## Career Opportunities at Cartalyst

We're looking for go-getters to join our growing team. We're hiring for the following roles-

### E-Commerce Specialists

Graduates with 0-2 years work experience in any field. Good communication skills in English/Hindi. Working knowledge of MS Excel. Background about Indian e-commerce/e-tail industry a plus.

### Sales & Marketing

Graduates with 0-2 years work experience in Business Development, Sales, Retail. Good Communication skills in English/Hindi. Flair for sales. Background about Indian e-commerce/e-tail industry a plus.

Send in your resume to
**careers@cartalyst.in or call Rubin Dharod at 8690 180 190 / 832 812 3201.**

(જા.ખ.)

# Congratulations





## *Khush Meenal Ramesh Pasubhai Savla*

**MOTHARA - KUTCH, HYDERABAD**

**SELECTED IN CRICKET TEAM OF HYDERABAD DISTRICT OF SCHOOL GAMES FEDERATION OF TELANGANA AND PLAYED TOURNAMENT AT NALGONDA IN THE MONTH OF NOVEMBER 2016.**

**SELECTED IN CRICKET TEAM ( U / 14 ) OF TELANGANA STATE TEAM OF HYDERABAD CRICKET ASSOCIATION AND PLAYED SOUTH ZONE TOURNAMENT AT GOA IN THE MONTH OF JANUARY 2017.**

**PASSED IN Xth CLASS CBSE BOARD WITH CPGA 10 / 10 (GRADE A1) IN 2017**

**With Best Compliments from :**

**SAVLA AND POURANA FAMILY**

## સુલતાન બજાર-બડી ચાવડી-જલારામ મંદિરની બાજુમા

3BHK -R.K. Estate, 24 બીજા માળે, હવા ઉજાસવાળો ફ્લેટ, બે બાલકની
૨૪ કલાક પાણી - લીફ્ટ તથા કારપાર્કીંગ સાથે ભાડે આપવો છે.

Rent 17,000/- (Including maintenance) સંપર્ક : **99495 18076** (જા.ખ.)




વૈદિક, જૈન પદ્ધતિથી લગ્ન વિધી, વાસ્તુ શાન્તિ, પિતૃદોષ, કાળસર્પ નિવારણ, સત્યનારાયણની પૂજા, રાંદલ (રન્નાદેવઈ) તેડવા, નડતા દરેક ગ્રહોની શાન્તિ, શ્રાધ્ધ, નાગ-નારાયણ બલી, દસમું, અગ્યારમું, બારમું, તેરમું વગેરે જન્મ કુંડી અને ફળાદેશ, આર્થિક, માનસિક, શારીરિક ચિંતાના પ્રશ્નો માટે સંપર્ક કરો

**વિજયકુમાર શુકલા** ફોન : ૨૪૪૧ ૪૯૦૩, ૯૩૯૧૨ ૩૩૪૦૮
ફોન કરો ત્યારે આપનો ફોન નંબર તેમજ સરનામું જરૂર આપશો (જા.ખ.)

20 Days Medicine only Rs. 499/-

## AYURVEDIC (WEIGHT - LOSS) MEDICINE

Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-

Ph : 9395347264, 9392418463, 040-27564183 (જા.ખ.)

**ઑફિસ-દુકાન-ઘરમાં નાના મોટા ઈલેક્ટ્રીકના કાર્યો કરવા**

સંપર્ક : **ઉદય ઈલેક્ટ્રીશન**

મોબાઈલ : **77028 75610**

For Electrical Work in
OFFICE-SHOP-RESIDENCE
Contact **Uday Electrician**
with best wishes for
**KUNAL HARIA & JAGIRDAR** (જા.ખ.)

## FOR SALE

# ACTIVA "2007" MODEL

**Contact No. : 9391223375** (જા.ખ.)



દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯ (જા.ખ.)



MAHAVIR DENTAL CARE
DENTAL IMPLANTS
ORTHODONCIT TREATMENT
DENTAL SURGERY
TOOTH WHITENING
COSMETIC DENTISTRY
COSMETIC SURGERY
GUMS REHABILITATION
BREATH FRESHENING
TEETH CONSERVATION
SMILE ENHANCEMENT
PEDIATRIC DENTISTRY
Special discount for KMM members
Discount rates available at KMM office
D.V. House, Block No. 1, D.V.Colony, Near KIMS Hospital, Secunderabad 500003.
Branch : 3-2-843/2/A, Kachiguda Station Road, Above Bank of Maharashtra, Hyderabad - 500 027
Phone : 9246590203, E-mail : sambhav.vora@gmail.com
We create new smiles.....
MAHAVIR DENTAL CARE
MULTI SPECIALITY DENTAL AND IMPLANT CENTRE
Dr. Sambhav Vora, MDS
Oral & Maxillofacial Surgeon
(જા.ખ.)



શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)
૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫
સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫, પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર

**દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. સાથે સાથે દર મહિનાના ત્રીજા રવિવારે કાચીગુડાથી મેડચલ તીર્થ યાત્રા (બઉતેર જીનાલય) માટે પણ એક બસની વ્યવસ્થા છે. આવા સુંદર આયોજનનું લાભ લઈ શ્રી સંઘના કાર્યકર્તાઓને પ્રોત્સાહિત કરશોજી.**

**નકરો માત્ર રૂા. ૫૦/– તથા લાભાર્થીનો નકરો રૂા. ૫૧૦૦/– છે. આવા સુંદર આયોજનનું આપશ્રી જરૂરથી લાભ લેશો તથા અન્યને લાભ લેવા પ્રેરીત કરશો.**

**આજીવન સભ્યપદની નોંધણી પૂરજોશમાં ચાલી રહી છે. આપશ્રી પણ વેલી તકે આજીવન સભ્ય બની જાવત જીવત મેડચલ તથા કુલપાકજી તીર્થ યાત્રાનો લાભ લેશોજી.**

**સાધારણ ફંડની વૃધ્ધી માટે ખુલા હાથે શ્રી સંઘને અનુદાન આપવા વિનંતી.**

**શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :**

## માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી
## રામજી રવજી સોજપાલ ગાલા પરિવાર,

**ગામ મોટા લાયજા–કચ્છ, હાલ સાયન–મુંબઈ**

**હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર**

(જા.ખ.)